ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

દશામાના વ્રત પ્રારંભે દશામાની પ્રતિમા અને પૂજાપાની વસ્તુઓ માટે શહેરનાં મુખ્ય બજારોમાં લાગેલા અગણિત સ્ટોલ્સમાંથી અસંખ્ય શ્રદ્ધાળુઓએ ખરીદી કરી હતી. (તસવીર : દિપક જાની)

જિલ્લામાં વરસાદ ખેંચાતા ઘેરી ચિંતા

કપાસના પાકમાં ડોળ (વ્હાઈટ ગ્રબ) નામની જીવાત તેમજ ઉધઈ દેખાતા ખેડૂતો ચિંતાતુર બન્યા !

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આ ચોમાસા દરમ્યાન વરસાદના બદલાયેલા રૂખને પગલે ખેડૂતો માટે શ્રાવણના પ્રારંભ પૂર્વે જ અધિક માસ જેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

જિલ્લામાં ૩૧ હજાર હેક્ટરમાં થયેલા કપાસના પાકમાં ડોર (વ્હાઈટ ગ્રબ) નામની જીવાતે દેખા દેતાં જ પાકને ખતરો ઉભો થયો છે અને તેને પગલે ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. ખાસ કરીને ચિલોડા પંથકમાં આ ડોર જીવાતે વધુ દેખા દીધી છે. જિલ્લાતંત્ર દ્વારા આ સામે ખેડૂતોને માર્ગદર્શન આપવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. જો કે પાકને બચાવવા માટે ખેડૂતોને હવે ફોરેટ જેવી ઝેરી દવા લેવા દોડવાની ફરડ પડી છે.

ગાંધીનગર જિલ્લામાં હજુ વરસાદ જોઈએ તેટલો થયો નથી. ૭૫ ટકાથી પણ વધુ ઘટ પ્રવર્તી રહી છે. એક તબક્કે સરકારે નર્મદા કેનાલમાંથી ૧૦ ટકા જેટલો હિસ્સો સિંચાઈ માટે ખેડૂતોને આપવાનો નિર્ણય કર્યો હતો પરંતુ વરસાદ ખેંચાતા સરકારે આજે પુનઃ વિચારણા કરી આ નિર્ણયમાં કાપ મૂક્યો છે.

જિલ્લામાં આ વખતે પ્રિ. મોન્સુન એક્ટીવીટી દરમ્યાન જ વરસાદ થતાં ખેડૂતોને સારા ચોમાસાની આશા બંધાઈ હતી અને વાવેતર પણ આરંભી દીધુ હતુ. જિલ્લામાં થયેલ પાક આયોજનના ૩૦ ટકાથી પણ વધુ વિસ્તારમાં વાવણી થઈ ગઈ છે જેમાં કપાસના પાકની જ ૩૧ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવણી થવા પામી છે.

જિલ્લાના મુખ્ય પાક તરીકે પણ કપાસની ગણના થાય છે. કપાસના પાકમાં ઉધઈ પણ ક્યાંક ક્યાંક લાગી હોવાના અહેવાલો છે તો ચિલોડા પંથકમાં ડોળ (વ્હાઈટ ગ્રબ) નામની જીવાતે દેખા દીધી છે. આને કારણે કપાસના પાકને નુકશાન થવાનો ભય ઉભો થવા પામ્યો છે.

જિલ્લાની જમીન રેતાળ હોવાને કારણે પણ અહિ ઉધઈનું પ્રમાણ વધુ જોવા મળતુ હોય છે. બીજી તરફ વરસાદની ઘટે પણ આ વખતે ખેડૂતોની પરેશાની વધારી દીધી છે.

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની હાલત કફોડી બનવા પામી છે. એક બાજુ મહામૂલો પાકમાં જીવાત દેખા દીધી છે. જ્યારે કપાસના પાકમાં નહીંવત વરસાદથી પાક મુંઝાતા ખેડૂતોની પરેશાની વધી રહી છે. આમ છતાં આ વિસ્તારમાં દિવેલા અને દેશી ગવારનું વાવેતર કરવા ખેડૂતો મોંઘુદાટ બિયારણથી ખરીદી કરી તૈયારી આરંભી રહ્યા છે. કેટલાક ખેડૂતો ડાંગરની ખેતીથી વિમુખ બની

● અનુસંધાન પાન-૭ પર

ધોળાકુવામાં ઝાડા-ઉલ્ટીના વધુ પાંચ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામમાં દેખાયેલા પાણીજન્ય રોગના આજે વધુ પાંચ કેસ મળી આવતાં તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવી પાણીના ટેસ્ટ પણ કરવામાં આવ્યા બાદ પાટનગર યોજનાને તાકીદે સુપર ક્લોરીનેશન સાથે પુરવઠો આપવા જણાવાયુ છે.

શહેરમાં ઝાડા-ઉલ્ટીના કેસોની સંખ્યા હવે ૮૦ થી પણ વધી જવા પામી છે. ધોળાકુવામાં જ છેલ્લા ૩ દિવસમાં ૧૫ થી વધુ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા રોગચાળાની સ્થિતિને લઈ આજે આરોગ્યતંત્રએ પાણીના નમૂના પણ ધોળાકુવા ખાતે લઈ આવ્યા હતા તેમાં કેટલાક નમૂનામાં ક્લોરીનેશન ન જણાતાં તંત્રને તાત્કાલિક સુપર ક્લોરીનેશન સાથે પુરવઠો આપવા જણાવાયું છે.

આજે મળી આવેલા પાંચેય કેસોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પાણીજન્ય રોગચાળાની સ્થિતિ રોજેરોજ વણસી રહી છે અને નવા વિસ્તારો ઉમેરાઈ રહ્યા છે.

દરમ્યાન આજે મનપાની સામાન્યસભામાં પણ આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો અને તે માટે પ્રદૂષિત પાણી વધુ જવાબદાર હોવાનું સભ્યોએ જણાવ્યું હતું. આ પરિસ્થિતિમાં સરકારે તાકીદના પગલાં ભરવા જોઈએ તેવી માંગ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે પણ કરી છે.

(તસવીર : દિપક જાની)

વાવેતર - વન વિભાગ દ્વારા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.... અભિનંદન આપવા જેવી કામગીરી કરે છે વનવિભાગ, પણ રોપાની સાથે પ્લાસ્ટીકનું પણ વાવેતર કરવામાં આવતું હોય એવું આ તસવીરમાં લાગી રહ્યું છે.....

ગંદકીના દંડના મુદ્દે ભાજપમાં મતભેદ પ્રવર્તે છે : કોંગ્રેસ

અમે તો કચરો ગમે ત્યાં નાખતા તંત્રને પણ દંડ ફટકારવાની વાત કરી છે તે ભૂલો નહિ અમારી એકતા અખંડ છે : ભાજપ

ગાંધીનગર, તા. ૧૮

ગંદકી કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાના મુદ્દે ભાજપ બે મોઢાની વાત કરી રહ્યાનો આક્ષેપ આજે કોર્પોરેશનની સામાન્ય સભામાં કોંગ્રેસી સભ્યો શ્રી પ્રવિણ પટેલ, શ્રી હસમુખ મકવાણા, શ્રી અશ્વિન વ્યાસ, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રીમતિ પીન્કી પટેલ, શ્રીમતિ મીનાબા વાઘેલા સહિતના સભ્યોએ કર્યો હતો.

તેમણે જણાવ્યું કે મોબાઈલ કોર્ટ દ્વારા દંડ કરવાના મુદ્દે ભાજપના શ્રી આશિષ દવે નાગરિકોને દંડ ના કરાય તેવી વાત કરે છે અને બીજી તરફ ગંદકી ફેલાવનારા તત્વો સામે દંડનીય કાર્યવાહી કરવાની વાત સુરેશ મહેતા અને કાર્તિક પટેલ કરી રહ્યા છે. ભાજપમાં જ એકમતિ નહિ પ્રવર્તતી હોવાની વાત રજુ કરી આ સભ્યોએ હોબાળો મચાવવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે ભાજપના શ્રી આશિષ દવેએ ઉભા થઈ જવાબ આપતાં જણાવ્યું હતું કે મેં નિર્દોષ નાગરિકોને દંડ ના થાય તેની વાત કરી છે ગંદકી કરનારાઓ સામે કાર્યવાહી થવી જ જોઈએ એવુ અમે સ્પષ્ટ માનીએ છીએ. દબાણ કરનારાઓ સામે પણ દંડનીય કાર્યવાહી થવી જ જોઈએ. અમારા વિચારો સ્પષ્ટ છે એક છીએ.

સામાન્ય સભાને અંતે ભાજપના આ ત્રણેય વરિષ્ઠ સભ્યોએ એવી સ્પષ્ટતા કરી હતી કે અમે દંડનીય કાર્યવાહીના આગ્રહી છીએ જ અને એટલે જ અત્યારે કચરો ગમે ત્યાં નાખતા કોર્પોરેશનના સત્તાવાળાઓને પણ દંડનીય કાર્યવાહીના દાયરામાં લેવા જોઈએ તેવો આગ્રહ કર્યો હતો. પરંતુ કોંગ્રેસના આગેવાનો અડધુ સાંભળે અને અડધુ જોડી આડેધડ આક્ષેપો કરવા સિવાય કંઈ કરી શકે તેમ નથી. સ્વચ્છતા પણ તેઓ જાળવી શકતા નથી અરે શહેરને સ્વચ્છ બનાવવા માટે પુરતા સાધનો પણ છેલ્લા બે વર્ષમાં વસાવ્યા નથી.

સે. ૧ના તળાવ ફરતે ચાર આકર્ષક પ્રતિમા મૂકાશે

વરસાદના અભાવે તળાવની સ્થિતિનું નિરીક્ષણ થઈ શક્યુ નથી..!

ગાંધીનગર, તા. ૧૮

સે. ૧ના તળાવ વિકાસને અનુલક્ષી હાલ ઓવરહેડ ટાંકી તેમજ ગાર્ડનીંગનું કામ ચાલી રહ્યું છે. પરંતુ વરસાદના અભાવે તળાવની રોનક હજુ નિખરી નથી. તળાવમાં પાણી ન ભરાતા તંત્રના અધિકારીઓને પણ હજી સ્થિતિનું નિરિક્ષણ કરવાનો મોકો મળ્યો નથી. બીજી તરફ તળાવના ફરતે આકર્ષક સ્ટેચ્યુ મુકવાનુ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

સે. ૧ના તળાવને વિકસાવવાનું કામ હજી સંપૂર્ણપણે પૂર્ણ થયું નથી. વર્ષોના અંતે પણ તળાવ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની શક્યું નથી. તળાવ નિર્માણના અંતે આસપાસના વિસ્તારને પણ પીકનીક સ્પોર્ટ સમાન બનાવવા બગીચા નિર્માણનું કામ હાથ ધરાયું છે. તળાવ તૈયાર થયા બાદ તંત્ર દ્વારા હાલ ઓવરહેડ ટાંકી બનાવવાની કામગીરીપણ આરંભી દેવાઈ છે. બીજીતરફ વરસાદી દિવસોમાં

● અનુસંધાન પાન-૭ પર

મેડીકલ કોલેજમાં વધુ આઠ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ગઈકાલે પ્રથમ વિદ્યાર્થી દાખલ થયા બાદ આજ વધુ ૮ વિદ્યાર્થીઓએ કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે. આમ ગાંધીનગર મેડીકલ કોલેજની કુલ ૯ બેઠકો અત્યાર સુધીમાં ભરાઈ છે.

આજે મધ્યસ્થ એડમીશન પ્રક્રિયાના બીજા દિવસે ગાંધીનગર મેડીકલ કોલેજમાં પાંચ વિદ્યાર્થીઓએ ઓપન કેટેગરીમાં જ્યારે ત્રણ વિદ્યાર્થીઓએ રિઝર્વ કેટેગરીમાં પ્રવેશ મેળવ્યો હતો. આજથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓની પ્રવેશની કામગીરી હાથ ધરાઈ છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને આ વર્ષે જ મંજુરી મળતાં અહિં શૈક્ષણિક સત્રનો ૧લી ઓગષ્ટથી આરંભ થવાનો છે. શૈક્ષણિક સત્રના આરંભ પૂર્વે કોલેજે પણ આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.

હાર્દિક અભિનંદન

ઘનશ્યામભાઈ અમીન
ચેરમેનશ્રી
ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.

પરેશભાઈ પટેલ
ડિરેક્ટરશ્રી
ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.

ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.માં ઘનશ્યામભાઈ અમીન સતત ચોથી વખત ચેરમેન તરીકે તથા પરેશભાઈ પટેલ સતત ત્રીજીવાર ડિરેક્ટર પદે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક અભિનંદન સહ આપની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ સહ....

લિ.
રીચા ઈન્ફોસીસ્ટમ્સ પ્રા. લી.
ડાયરેક્ટર : તૃષાર શાહ ● દિનેશભાઈ શાહ

કલેક્ટર કચેરીના પાર્કીંગમાં મારૂતિ કાર ભડકે બળી

નાયબ મામલતદારની કારમાં શોર્ટ સર્કીટ થતા આગ લાગી

ગાંધીનગર, તા. ૧૮

કલેક્ટર કચેરીના પાર્કીંગમાં આજે સવારે અચાનક મારૂતિ કારમાં આગ ભભૂકી હતી. ફાયરબ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. વાયરીંગમાં શોર્ટ-સર્કીટ થવાથી કારમાં આગ ભભૂકી હોવાનું ફાયરબ્રિગેડના સૂત્રોએ જણાવ્યું છે.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર કલેક્ટર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા મયુર એન. ઠક્કર આજે સવારે ૧૦.૪૫ વાગ્યાના અરસામાં પોતાની મારૂતિકાર નં. જીજે-૭-એ.જી-૩૮૯૩ કલેક્ટર કચેરીના પાર્કીંગમાં પાર્ક કરી રહ્યા હતા. આ

દરમિયાન કારના બોનેટના ભાગમાંથી અચાનક ધુમાડા નીકળતા આંખના પલકારામાં જ કાર આગની લપેટમાં આવી ગઈ હતી. આ બનાવ સંદર્ભે ફાયરબ્રિગેડને જાણ કરાતાં ફાયર ઓફિસર મહેશ મોડ પોતાની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પાર્કીંગમાં બર્નિંગ કારનું દૃશ્ય જોઈ મુલાકાતીઓ પણ બે ઘડી ડઘાઈ ગયા હતા. ફાયર ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. પરંતુ આગમાં લપેટાયેલી કારનો મોટા ભાગનો હિસ્સો બળીને રાખ થઈ ગયો હતો. કારના વાયરીંગમાં શોર્ટ સર્કીટના લીધે આગ લાગી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

ધોળાકુવામાંથી પાણીના બે નમૂના લઈ કેમીકલ ટેસ્ટ અર્થે મોકલાયા

સે-૬ અને ૧૪ના નમૂના પોઝીટીવ આવ્યા : પાણી પોર્ટેબલ

ગાંધીનગર, તા.૧૮

નવવિકસિત વિસ્તારમાં વકરેલા ઝાડા-ઉલ્ટીના રોગચાળાને અનુલક્ષી તંત્ર દ્વારા લેવાયેલ પાણીના નમૂનાનો કેમીકલ ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે. અલબત્ત આ વિસ્તારમાં સપ્લાય થતું પાણી પોર્ટેબલ હોવાનું સ્પષ્ટ થયું છે. જ્યારે ધોળાકુવામાં પણ રોગચાળાએ જોર પકડતા આ વિસ્તારમાંથી પાટનગર યોજનાના તંત્ર દ્વારા પાણીના બે નમૂના લઈ બેક્ટોરોલોજીકલ ટેસ્ટ માટે લેબોરેટરીમાં મોકલી દેવાયા છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઝાડા-ઉલ્ટીના રોગચાળાએ માથુ ઉંચકતા આરોગ્યતંત્ર દોડતું થયું છે. શહેરના નવવિકસિત વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીના કેસ વધતા તંત્ર દ્વારા રોગચાળાનું મૂળિયું શોધવા પાણીના નમૂના લઈ કેમીકલ ટેસ્ટ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જેના અંતે નમૂનાનો રીપોર્ટ પોઝીટીવ આવતા પાણી પીવાલાયક હોવાનું સ્પષ્ટ થયું છે. બીજી તરફ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામમાં પણ ઝાડા-ઉલ્ટીના રોગચાળાએ માથું ઉંચકતા તંત્ર દ્વારા ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કરી સ્થાનિકોને ઉકાળેલું પાણી પીવા જણાવાયું છે. ધોળાકુવામાં ઝાડા-ઉલ્ટીના દર્દીઓ વધતા પાણીની ગુણવત્તા ચકાસવા તંત્ર દ્વારા આજે બે જગ્યાએથી પાણીના નમૂના લેવાયા હતા. તંત્રની ટીમ દ્વારા આ નમૂનાઓ કેમીકલ ટેસ્ટીંગ અર્થે સે-૧૫ સ્થિત જળસેવા ભવનની લેબોરેટરીમાં મોકલી દેવાયા છે. વરસાદની ગેરહાજરી વચ્ચે પાણીજન્ય રોગચાળાએ જોર પકડતા આરોગ્યતંત્ર પણ દોડતું થઈ ગયું છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ખદબદતી ગંદકીના લીધે રોગચાળો વધુ વકરે તેવી દહેશત પણ પ્રવર્તી છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૧-૭-૧૨, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્રેટરી બંગ્લોઝ
S-20 s/s

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

જાહેર નિવિદા

ઝેરોક્ષ, કોમ્પ્યુટર ટાઈપ, સી.ડી., બાઈન્ડીંગ, લેમીનેશન અને કલર ફ્લેક્ષ બેનર્સની સેવા કચેરીને પુરી પાડવા બાબત.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર હસ્તકની એમ.એસ. બિલ્ડીંગ, ઉજો માળ, બહુમાળી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગરની કચેરીમાં ઉપર મુજબની સુવિધા સાથેની ઝેરોક્ષ, કોમ્પ્યુટર ટાઈપ, સી.ડી. બાઈન્ડીંગ, લેમીનેશન અને કલર ફ્લેક્ષ બેનર્સની સેવા કચેરીને પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેલબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક વચ્ચે તા. ૩૧-૭-૨૦૧૨ સુધીમાં નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગરની કચેરી ખાતેથી અરજી સાથે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગરની કચેરીના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વલિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરીયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

એજન્સીઓએ પોતાની પાસેથી કામગીરી માટેની માલિકીથી ખરીદેલ મશીનરી મેનપાવર્સ અને અનુભવની તમામ વિગતો પણ ધ્યાને લેવાની રહેશે અને ટેન્ડર ફોર્મ્સ સાથે રજૂ કરવાની રહેશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૦/૮/૨૦૧૨ના રોજ ૧૭-૦૦ કલાકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગરની કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૭/૮/૨૦૧૨ના રોજ ૧૮.૧૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તારીખ : /૦૭/૨૦૧૨ — જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
માહિતી/૮૬૦/૧૨-૧૩ — ગાંધીનગર

NOTICE

Avatar Solar Pvt. Ltd. proposes to implement a 5 MW Solar Photovoltaic Powe Plant at Charanka Village, Santalpur Taluka, Patan District, Gujarat, India. A stakeholders meeting will be held at the project site on Monday, 29th, July 2012 at 10 a.m. All stakeholders are requested to attend the meeting.

Monday, 19th July 2012

S/D DIRECTOR, AVATAR SOLAR Pvt. Ltd.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
FAIR MATE
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :
શ્રી વૈષ્ણી ટ્રેડર્સ
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KisaN
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com